ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૨૦ ટકા

# ભાઈજીપુરા પાસે અકસ્માતમાં ટ્રકની ટકકરે ફ્રન્ટીના બે ટુકડા






ગાંધીનગર, તા.૨૦
કોબા-ગાંધીનગર માર્ગ પર ભાઈજીપુરા પાટીયા પાસે ગત રોજ દૂધ ભરેલ ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ખતરનાક હતો કે ટ્રક ફ્રન્ટી કારને ધડાકાભેર અથડાતા ફ્રન્ટી કારના રીતસરના બે ટુકડા થઈ ગયા હતા. ફ્રન્ટીકારમાં સવાર ચાર મુસાફરોમાંથી ત્રણ વ્યકિત અકસ્માત થતા જ કારમાંથી ઉછળી માર્ગની આસપાસ ફંગોળાઈ ગયા હતા જો કે એક વ્યકિત કારમાં જ ફસાઈ જતા ફાયર જવાઓને મહામુસીબતે તેને બહાર કાઢયો હતો. આ તમામને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર કોબા-ગાંધીનગર માર્ગ પર ભાઈજીપુરા પાટીયા પાસે કોબા તરફથી દૂધનું ટ્રક નં. જીજે ૧૮ એકસ ૦૯૫૪નો ચાલક ટ્રક લઈ પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન અચાનક જ પીડીપીયુ તરફથી પુરપાટ ઝડપે ચાર મુસાફરો ભરેલી કાર અચાનક જ દૂધના ટ્રક આગળ આવી જતા ટ્રક અને કાર વચ્ચે ધડાકાભેર ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટ્રકની ટકકર એટલી ખતરનાક હતી કે ફ્રન્ટી કારના બે ટુકડા થઈ ગયા હતા અને કારના બંને ટુકડા માર્ગથી આશરે ૧૫ ફુટ જેટલા દુર જઈને પડયા હતા. આ અકસ્માતમાં કારમાં સવાર ચાર મુસાફરો પૈકી ત્રણ મુસાફરો ૨૭ વર્ષીય ઓમકાર, ૨૦ વર્ષીય રોહિત અને ૨૫ વર્ષીય નિમેષ માર્ગમાં ફંગોળાઈ ગયા હતા આથી આ ત્રણેયને માથા અને શરીરના ભાગે ઈજાઓ થવા પામી હતી. જયારે અન્ય એક કાર સવાર કારમાં જ બેભાન હાલતમાં ફસાઈ ગયો હતો જેને ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ બહાર કાઢયો હતો. બાદમાં આ ચારેય ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતને પગલે મોડી રાત્રે કોબા-ગાંધીનગર માર્ગ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. આ સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# કલેકટર કચેરી-કોર્ટ સંકુલ પાસે વકરતી જતી ટ્રાફિક સમસ્યા

**અરજદારો માર્ગ પાસે જ આડેધડ અડચણરૂપ વાહનો પાર્ક કરી જતા રહે છે**

ગાંધીનગર, તા.૨૦
ગાંધીનગર શહેરમાં કોર્ટ અને કલેકટર કચેરી સંકુલની આસપાસ દિન પ્રતિદિન વાહનોની ટ્રાફિક સમસ્યા વકરતી જાયછે. કોર્ટ અને કલેકટર કચેરીમાં કામકાજ અર્થે આવતા અરજદારો પાર્કિંગ હોવા છતાં આડેધડ વાહનો પાર્ક કરી જતા રહે છે આથી અન્ય વાહનચાલકોને વાહન ચલાવવામાં અને વાહન મુકવામાં પરેશાની થઈ રહી છે ત્યારે ટ્રાફિક પોલીસ આડેધડ વાહન પાર્ક કરતા વાહન ચાલકો સામે કાર્યવાહી કરે તેની જરૂરિયાત ઉભી થવા પામી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૧૧માં સ્થિત કલેકટર કચેરી અને કોર્ટ સંકુલ આસપાસ કામકાજના દિવસોમાં અરજદારોનો ભારે ધસારો જોવા મળે છે. આથી આસપાસમાં ટુ અને ફોર વ્હીલર વાહનોનો જમાવડો થાય છે. વાહન લઈ આવતા કેટલાક વાહનચાલકો પાર્કિંગ એરિયા હોવા છતાં વાહનચાલકો વાહન આડેધડ પાર્ક કરી જતા રહે છે પરિણામે આ વિસ્તારમાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. બીજી તરફ સંકુલની આસપાસની ખાલી જગ્યાઓ પર લારી ગલ્લાવાળા ગોઠવાઈ જાય છે. વાહન લઈ પસાર થતા વાહનચાલકોને પસાર થવું મુશ્કેલ બને છે ત્યારે ટ્રાફિક પોલીસ આ મામલે આડેધડ વાહન પાર્ક કરતા વાહન ચાલકો સામે કાર્યવાહી કરે તેવી જરૂરીયાત ઉભી થઈ છે.

## વેડા ગામમાંથી એલસીબીની ટીમે ૨૧ બોટલ દારૂ પકડયો

ગાંધીનગર એલસીબી પી.આઈ. ટી.આર. ભટ્ટની ટીમે ચોકકસ બાતમી આધારે કલોલ



તાલુકાના વેડા ગામમાં દરોડો પાડી વિદેશી દારૂની બોટલો પકડી પાડી હતી. અત્તાર પોલ્ટ્રી ફાર્મમાં દરોડો પાડી રૂ. ૩૫૭૬ની ૨૧ નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી સુનીલ સુન્નલાલ ગોડ નામના શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બળબળતા બપોરે ફરજ બજાવનારાઓને ‘છાશ’ પીવડાવી ઠંડક પહોંચાડવાનો ‘પ્રયાસ’

**પ્રયાસ સંસ્થાના યુવાનોએ ટ્રાફિક પોલિસ, સિક્યુરીટી ગાર્ડ, ડ્રાયવર-કન્ડકટર તથા ફેરિયાઓ મળીને ૨૦૦ વ્યકિતઓને ભર બપોરે છાશ વિતરણ કર્યું**

ગાંધીનગર, તા.૨૦
ગાંધીનગરમાં વિવિધ યુવા સંસ્થાઓ સેવા કાર્યોની સુવાસ પ્રસરાવી રહી છે. આજે શહેરની ‘પ્રયાસ’ સંસ્થાએ બળબળતા બપોરમાં ફરજ બજાવતા ટ્રાફિક પોલીસ કર્મીઓ, સિકયુરીટી ગાર્ડ, ડ્રાઈવર-કડંકટર તથા પેટિયું રળતા ફેરીયાઓ વગેરેને છાશનું વિતરણ કરી ઠંડક પહોંચાડવા પ્રયાસ કર્યો હતો.

ઉનાળાની ઋતુ તેની ચરમ સીમાએ છે અને તાપમાનનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચી ગયો છે. સમગ્ર દિવસ દરમિયાન ગરમીનો પ્રકોપ અનુભવાય છે. તેમાં બપોરના સમયે અત્યંત વિકટ પરિસ્થિતિ જોવા મળે છે. આટલી આકરી ગરમીમાં પણ શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક પોલીસના જવાનો હોય કે સિવિલ હોસ્પિટલના સિકયુરીટી ગાર્ડ હોય અથવા દિવસભર મહેનત કરીને પેટિયું રળવા મથતા ફેરીયાઓ હોય તેમની પ્રતિબધ્ધતા કાબિલે દાદ હોય છે. ‘પ્રયાસ’ સંસ્થાએ પાટનગરમાં બળબળતા બપોરે તપતા રાજમાર્ગો પર ફરજ બજાવતા ટ્રાફિક પોલીસ કર્મીઓ, શહેરી બસ સેવાના ડ્રાઈવર-કન્ડકટરો, સિવિલ હોસ્પિટલના સિકયુરિટી ગાર્ડસ, રોડ પર વિવિધ ચીજવસ્તુઓનો વેપાર કરતા ફેરીયાઓ, ખુમચાવાળા, શ્રમજીવીઓને ઉનાળાનું અમૃત ગણાતી ‘છાશ’ પીવડાવી ઠંડક પહોંચાડી હતી. સંસ્થાના સ્વયંસેવકો કેતન પટેલ, સંજય નાયી અને સંકેત ગોરે તેમના આ પ્રયાસમાં ૨૦૦ વ્યકિતઓને છાશ પીવડાવી ભરબપોરે તૃપ્ત કર્યા હતા. તેમના આ સદકાર્યને કિશોર કલાસીસ તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો.

# થેલેસેમીયાના દર્દીઓને એક વર્ષમાં ૧૮૦ બોટલ રકત પુરી પાડતી સિવિલની બલ્ડ બેંક

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલની પાંચમાળની ઓપીડી અને આઠમાળની ઈમારત દર્દીઓથી ઉભરાય છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં થેલેસેમીયા ગ્રસ્ત દર્દીઓ પણ સારવાર માટે આવે છે ત્યારે આ બાળદર્દીઓને સમયાંતરે બ્લડ ચડાવવાનું હોય છે. થેલેસેમીયાના દર્દીઓને બ્લડની સૌથી વધુ જરૂર પડતી હોય છે ત્યારે ગાંધીનગર સિવિલની બ્લડબેંકમાંથી વર્ષ દરમિયાન થેલેસેમીયા ગ્રસ્ત દર્દીઓને ૧૮૦ રકતની બોટલ પુરી પાડવામાં આવે છે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા સિવિલમાં દર્દીઓને મળતી સુવિધામાં વધારો કરાયો છે. આધુનિક સાધનોની સાથે જરૂરી સ્ટાફ પણ લેવામાં આવ્યો છે. ત્યારે સિવિલમાં સતત દર્દીઓનો ધસારો રહે છે. ગાંધીનગર જિલ્લા ઉપરાંત આસપાસના જિલ્લાના દર્દીઓ પણ સારવાર માટે આવી રહ્યા છે. થેલેસેમીયાગ્રસ્ત દર્દીઓને બ્લડની સૌથી વધુ જરૂર પડતી હોય છે. ત્યારે ગાંધીનગરમાં પણ ૧૪ જેટલા બાળ દર્દીઓ થેલેસેમીયાના છે. થેલેસેમીયાગ્રસ્ત બાળકોને સમયાંતરે બ્લડ ચડાવવાનું હોય છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા ૧૮૦ બોટક રકત આપવામાં આવ્યું છે. જયારે પણ થેલેસેમીયાગ્રસ્ત દર્દીઓને બ્લડની જરૂર પડે છે. ત્યારે તાત્કાલીક ધોરણે બ્લડબેંકમાંથી બ્લડ આપવામાં આવે છે. ઓકટોબરથી ડિસેમ્બર સુધીના ત્રણ માસમાં સૌથી ઓછી જરૂરીયાત ઉભી થાય છે. જયારે ગરમીના દિવસોમાં આ દર્દીઓને બ્લડની જરૂરીયાત સૌથી વધુ પડે છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં તાવથી માંડીને કીડનીના ડાયાલીસીસ સુધીની સારવાર મળી રહે છે. ત્યારે આગામી સમયમાં સુપરસ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ બનતા નેફ્રોલોજી અને કાર્ડીયોલોજીની સુવિધા ઉપલબ્ધ થતા દર્દીઓનો ધસારો રહેવા પામશે. ગાંધીનગર સિવિલ જિલ્લાભરના દર્દીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થઈ છે.

# બ્રહ્મભટ્ટ યુવા નવનિર્માણ સેના દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૦
ગાંધીનગરના સેકટર-૧૨ ખાતે નર્સિંગ કોલેજના ઓડિટોરિયમ હોલમાં આજે બ્રહ્મભટ્ટ યુવા નવ નિર્માણ સેના દ્વારા સરસ્વતી સાધના કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં બ્રહ્મભટ્ટ સમાજના ધો-૯ થી ધો-૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરનું માર્ગદર્શન નિષ્ણાંતો દ્વારા પુરું પાડવામાં આવ્યું હતું.

સરસ્વતી સાધના કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં અમદાવાદની જાણીતી એચ.કે. આર્ટસ કોલેજના આચાર્ય ડૉ. સુભાષભાઈ બ્રહ્મભટ્ટ સમારંભના




અધ્યક્ષસ્થાને તથા જાણીતા લેખક, વકતા અને ટીવી પ્રેઝન્ટર ગીરીશભાઈ બ્રહ્મભટ્ટ અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ભાજપ કિસાન મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ બોરલીના શ્રવણસિંહ રાવ, રાજકીય સલાહકાર હર્ષદભાઈ બ્રહ્મભટ્ટ તથા ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજના મહામંત્રી વાસુદેવભાઈ અજબાણી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બ્રહ્મભટ્ટ યુવા નવનિર્માણ સેનાના મહિલા પ્રમુખ અંજના બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બ્રહ્મભટ્ટ સમાજના વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓએ તજજ્ઞો પાસેથી ધો-થી ૧૨ અને કોલેજના અભ્યાસ પછી કારકિર્દી ઘડતર અંગે માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

# વિકાસ કાર્યોમાં અણઘડ બેદરકારી પ્રજા માટે જીવલેણ

**અણઘડ સરકારી આયોજનો સાથે વહીવટી વિભાગો વચ્ચે તાલમેલનો અભાવ પ્રજા માટે જોખમરૂપ સાબિત થાય છે : વિકાસના સરકારી નિર્માણ કાર્યોમાં બેદરકારી અને વિલંબના તત્વને દૂર કરવું જરૂરી**




ગાંધીનગર, તા.૨૦
એક તરફ કર્ણાટકમાં રાજકીય નાટક તેની ચરમ સીમાએ હતું ત્યારે જ ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે એક નિર્માણાધીન ફલાયઓવર બ્રીજ તુટી પડતા ૧૬ વ્યકિતના ઘટના સ્થળે કરૂણ મોત થવાની ઘટના સર્જાઈ હતી. આજ ઉત્તરપ્રદેશમાં થોડા સમય પૂર્વે ઓકિસજન પુરવઠાના અયોગ્ય આયોજનના પગલે સંખ્યાબંધ નવજાત બાળકોનો જીવનદીપ એક સાથે બુઝાઈ જવા પામ્યો હતો. ગત વર્ષે અમદાવાદના વાસણાના યુવા મિત્રો નાસિક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે નવો બની રહેલો માર્ગ અધુરો હતો તેનું કે ડાયવર્ઝન માટેનું બોર્ડ ના હોવાથી રાત્રિના સમયે કાર લઈ ખાબકતા તેમાં આશાસ્પદ યુવા ગાયકનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજયું હતું. આવી તો અનેક ઘટનાઓ વારંવાર આપણા દેશમાં સર્જાતી રહે છે અને સમાચારોમાં ચમકયા કરે છે. જે ઘટનાઓ પાછળ જવાબદાર તત્વ એક માત્ર અણઘડ સરકારી આયોજનો તથા તેમાં દાખવવામાં આવતી અક્ષમ્ય બેદરકારી હોય છે. વિશ્વમાં સૌથી વધુ માર્ગ અકસ્માતો સર્જવાના આપણા વિક્રમમાં આ પરિબળ પણ જાણે અજાણે ફાળો આપે છે.

સરકારનું કામ પ્રજા માટે વિકાસ કાર્યો કરવાનું છે અને આ વિકાસ કાર્યો યોગ્ય રીતે થાય અને તે દરમિયાન પ્રજાને હાલાકી ભોગવવી ન પડે તે જોવાની જવાબદારી વહીવટી તંત્રની છે. લગભગ દરેક શહેરમાં વહીવટી તંત્રના વિવિધ વિભાગો વચ્ચે તાલમેલના અભાવે વિકાસ કાર્યો પ્રજા માટે રોજબરોજના જીવનમાં માત્ર પરેશાનીરૂપ જ નહીં પરંતુ કયારેક જીવલેણ પણ બનતા જોવા મળે છે. કયાંક રેલવે દુર્ઘટના સર્જાય છે તો કયાંક પુલ તુટી પડે છે. કયાંક કોઈ સરકારી મકાન ધરાશાયી થાય છે તો કયાંક ગટરમાં વાહન ગરકાવ થઈ જાય છે. સરકાર દ્વારા પ્રજાના ટેકસમાંથી ઉઘરાવેલા નાણાં ખર્ચીને હાથ ધરવામાં આવેલા વિકાસ કાર્યો અનેકવાર વિનાશ કાર્યો સમા બની જાય છે પરંતુ આ દુર્ઘટનાઓ પાછળના કારણોમાં જયારે કાર્યમાં બેદરકારી રહેલી હોય ત્યારે તે જરૂરથી ચિંતાજનક ગણી




જવાબદાર તત્વોને યોગ્ય સજા પણ થવી જોઈએ તેમજ ફરી આ પ્રકારની બેદરકારી ના સર્જાય તે પણ જોવું એટલું જ જરુરી છે.

વિકાસ કાર્યોમાં મુખ્યત્વે જાહેર ઈન્ફ્રાસ્ટ્રકચરને લગતા કાર્યોમાં સાવધાની અગત્યની છે તે સાથે તેમાં થતો વિલંબ પણ ઘણો નુકસાનકારક હોય છે. આ વર્ષે ગુજરાત સરકારની કામગીરી પર રજુ કરાયેલા કેગના અહેવાલ નં.૨ વર્ષ ૨૦૧૮ના પાના નં. ૩૩માં જણાવ્યું છે કે માર્ચ ૨૦૧૭ના અંતે માર્ગ અને મકાન વિભાગના ૫૯ કાર્યો અપૂર્ણ રહ્યા હતા જેની પાછળ અંદાજિત ખર્ચના ૯૧.૮૩ ટકા સુધીનો ખર્ચ કર્યો હોવા છતાં. આ બાબતે કેગના અહેવાલમાં સાથે રિમાર્કસ પણ છે કે, ‘સરકારે તેના પ્રયત્નો અને સંશાધનોને કામો પૂર્ણ થાય તે તરફ વાળવા જોઈએ જેથી વપરાશકારોને ઈચ્છિત લાભ વધુ વિલંબ વગર આપી શકાય.’ આજ કેગના અહેવાલ નં.૧ના પાના નં. ૯૭-૯૮ પર વિસાવદર-ધારી માર્ગ પર ખૂટતી કડી પર રેલવે અન્ડરબ્રીજ માટેના એપ્રોચ કામમાં વિલંબને કારણે રૂ. ૪.૧૧ કરોડ ખર્ચ કર્યા બાદ પણ આ અન્ડરબ્રીજ બિન ઉપયોગી રહ્યો હોવાનો અહેવાલ રજુ કરાયો છે. ઓકટોબર ૨૦૧૧માં રૂ. ૩ કરોડના અંદાજિત ખર્ચ સામે રેલવે એ રૂ. ૨.૬૪ કરોડમાં અન્ડરબ્રીજનું કામ પુરું કરી દીધું પરંતુ તેના એપ્રોચોના બાંધકામ માટે રાજયના વહીવટી તંત્રએ ૫ માસના બદલે ૪૫ માસ લગાડયા અને છતાં મસમોટા ખર્ચા પછી કામ અપૂર્ણ રહ્યું જેથી અન્ડરબ્રીજ વપરાયા વગરનો રહેવા પામ્યો છે. ગુજરાતના મોટા ભાગના શહેરોમાં વહીવટી તંત્રો વચ્ચે તાલમેલના અભાવના પણ અનેક ઉદાહરણો જોવા મળે છે. જેમ કે શહેરોના મુખ્ય માર્ગો ગટર ચેમ્બરના ઢાંકણા એવી રીતે ઊંચા થઈને નીકળેલા હોય કે જાણે કોઈ વાહનચાલકનો જીવ લેવા જ સર્જાયા હોય. કયાંક તો ગટરોના ઢાંકણા જ ના હોય અને ખુલ્લી ગટરો મ્હોં ફાડીને ઉભી હોય તો કયાંક તુટેલા ઢાંકણા તંત્રના કામની પોલ ખોલતા પડયા હોય છે. કયાંક રોડ વચ્ચે મોટા ઈલેકટ્રીક થાંભલા સાથે હાઈપર ટેન્શન લાઈન પસાર થતી હોય તો કયાંક રોડ બન્યા પછી દિવસો સુધી તેની સાઈડોમાં માટી પુરાણ કરવાનું કામ લટકતું હોય છે. રોડ પર સૂચના બોર્ડ વગર જ બમ્પ આવી જાય અથવા બમ્પ પર સફેદ પટ્ટા ના દોર્યા હોય, બમ્પ પણ એવા બનાવ્યા હોય જાણે વાહનને ગબ્બર પર્વત ચઢવાની પ્રકટીશ કરાવવાની હોય, અન્ડર કન્સ્ટ્રકશન માર્ગો પર યોગ્ય ડાયવર્ઝન ના આપ્યો હોય અથવા ડાયવર્ઝનની હાલત એટલી કંગાળ હોય કે ત્યાંથી પસાર થવું જોખમરૂપ બની જાય. માર્ગો પર યોગ્ય ચેતવણીરૂપ સૂચનાઓનો અભાવ એ આપણા દેશમાં ખૂબ સામાન્ય બાબત બની ગઈ છે પરંતુ આ બેદરકારી કોઈકનો જીવ લેવા પુરતી જરૂર સાબિત થાય છે.

ટૂંકમાં સરકાર દ્વારા હાથ ધરવામાં આવતા વિવિધ નિર્માણ કાર્યમાં અણઘડ આયોજન અને બેદરકારી સાથેનો વિલંબ પ્રજા માટે અત્યંત જોખમી સાબિત થાય છે. અણઘડ આયોજનના લીધે નવા બનાવેલા માર્ગોને પછી ગટર વિભાગ કે ટેલિફોન વિભાગ ખોદી નાંખે તેવી પરિસ્થિતિ પણ વારંવાર જોવા મળે છે અને એક વાર દુર્ઘટના સર્જાયા પછી થોડા દિવસ તેની ચર્ચાઓ ચાલે અને તેને સિફતપૂર્વક ભુલી ફરી બેદરકારીની પ્રથા યથાવત જાળવી રાખવામાં વહીવટી તંત્ર માહેર બની ગયું છ. ત્યારે ભારતના શહેરોને શાંઘાઈ જેવા બનાવવા મીટ માંડતી સરકાર કયારે સરકારી આયોજનોમાં રહેલી અણઘડ વહીવટી પધ્ધતિની ખામીઓને દૂર કરી વૈજ્ઞાનિક ઢબે આધુનિક બનાવવા તરફ લઈ જશે તે જોવું રહ્યું.

પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

## વાતવાતમાં

● ગાંધીનગરના કોબા તરફના મુખ્ય માર્ગ પર શાહપુર ચોકડી રક્ષાશકિત સર્કલ પાસે રવિવારે સાંજના સુમારે ટ્રાફિક જામ સર્જાયો હતો. અહીંથી બાયપાસ માર્ગ આવેલ હોવાથી પસાર થતા લોડીંગ ટ્રકોની અવરજવરમાં વધારો થયો હોવાથી વારંવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાયછે.

● શહેરના ખ માર્ગ પર ખ-૩ સર્કલ પાસે એક કાર અને મોટર સાઈકલ સવાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જો કે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજાઓ થવાના સમાચાર પ્રાપ્ત થયા નથી.

● ડભોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા સાદરામાં સગર્ભા માતાઓને મચ્છરદાની પુરી પાડવાનો ઉપક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ અંતર્ગત ૬૦ માતાઓને મચ્છરદાની આપવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. પટેલ રૂખીબેન આત્મારામભાઈ, ઉ.વ. ૯૭
- સ્વ. મફતલાલ અનુપમ ભટ્ટ, ઉ.વ. ૮૦
- સ્વ. રેવાભાઈ ચેનસિંહ રાઠોડ, ઉ.વ. ૩૦
- સ્વ. સેંધાજી પ્રાગજી ડાભી, ઉ.વ. ૭૯